GJLV060002642019

| | | | | |
|---|---|---|---|---|
| રજુ તારીખ | :: | ૨૭/૦૨/૨૦૧૯ | | |
| દાખલ તારીખ | :: | ૨૭/૦૨/૨૦૧૯ | | |
| ફેંસલ તારીખ | : | ૧૫/૦૪/૨૦૨૬ | | |
| અવધિ | : | વર્ષ | માસ | દિવસ |
| | | | | |

## :: ફોર્મ–એ ::

**એડીશનલ સીનીયર સીવીલ જજ અને એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ (શ્રી બી.એન.દવે)સાહેબની કોર્ટમાં, મુ.બાલાસિનોર.**
**ચુકાદાની તારીખ ૧૫/૦૪/૨૦૨૬**
**ક્રિમિનલ કેસ નંબર : ૧૯૭/૨૦૧૯**
**બાલાસિનોર પો.સ્ટે.સેકન્ડ ગુ.ર.નં.૮૮/૨૦૧૭**
**આંક –**

| | |
|---|---|
| ફરીયાદપક્ષ | શ્રી સરકાર |
| રજુઆત | વિ.એ.પી.પી.શ્રી કે.એમ.રાણા |
| આરોપી પક્ષ | ૧. રાકેશભાઈ ભેમાભાઈ પરમાર,<br>૨. ભેમાભાઈ ગમીરભાઈ પરમાર,<br>૩. હીરાભાઈ ગમીરભાઈ પરમાર,<br>૪. રાજેશભાઈ સાલમભાઈ પરમાર,<br>તમામ રહે. સીમળીયા, તા.બાલાસિનોર, જી.મહીસાગર |
| રજૂઆત | આરોપી નં.૩ તરફે વિ.વ.શ્રી કે.કે.વાળંદ |

## :: ફોર્મ–બી ::

| | |
|---|---|
| ગુનાની તારીખ | તા.૨૨/૧૨/૨૦૧૭ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | તા.૨૨/૧૨/૨૦૧૭ |
| આખરી અહેવાલની તારીખ | તા.૨૭/૦૨/૨૦૧૯ |
| તહોમતનામાની તારીખ | તા.૧૭/૦૧/૨૦૨૬ |
| પુરાવો શરૂ થયાની તારીખ | તા.૧૦/૦૩/૨૦૨૬ |
| ચુકાદા માટે રાખ્યાની તારીખ | તા.૧૫/૦૪/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | તા.૧૫/૦૪/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | લાગુ પડતુ નથી. |

## –: આરોપીની વિગત :–

| આરોપીનો અનુક્રમ નંબર | આરોપીનું નમ | ધરપકડની તારીખ | જામીન મુકિતની તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયો/સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફો.કા.સં.ની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | રાકેશભાઈ ભેમાભાઈ પરમાર | તા.૦૫/૦૧/૨૦૧૮ | તા.૦૫/૦૧/૨૦૧૮ | ઈ.પી.કો.કલમ – ૩૨૩, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨) તથા ૧૧૪ મુજબ | નિર્દોષ છોડયો | લાગુ પડતુ નથી | લાગુ પડતુ નથી |
| ૨. | ભેમાભાઈ ગમીરભાઈ પરમાર | તા.૦૫/૦૧/૨૦૧૮ | તા.૦૫/૦૧/૨૦૧૮ | ઈ.પી.કો.કલમ – ૩૨૩, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨) તથા ૧૧૪ મુજબ | નિર્દોષ છોડયો | લાગુ પડતુ નથી | લાગુ પડતુ નથી |
| ૩. | હીરાભાઈ ગમીરભાઈ પરમાર | તા.૦૫/૦૧/૨૦૧૮ | તા.૦૫/૦૧/૨૦૧૮ | ઈ.પી.કો.કલમ – ૩૨૩, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨) તથા ૧૧૪ મુજબ | નિર્દોષ છોડયો | લાગુ પડતુ નથી | લાગુ પડતુ નથી |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૪. | રાજેશભાઈ સાલમભાઈ પરમાર | તા.૦૪/૦૧/૨૦૧૮ | તા.૦૫/૦૧/૨૦૧૮ | ઈ.પી.કો.કલમ – ૩૨૩, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨) તથા ૧૧૪ મુજબ | નિર્દોષ છોડયો | લાગુ પડતુ નથી | લાગુ પડતુ નથી |

## – : <u>ચુકાદો</u> : –

(૧) આરોપીઓ વિરૂધ્ધ ઈન્ડીયન પીનલ કોડ–૧૮૬૦ ની કલમ–૩૨૩, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨) તથા ૧૧૪ મુજબનાં શિક્ષાપાત્ર ગુના અંગે આરોપ છે.

(૨) ફરિયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૨૨/૧૨/૨૦૧૭ ના કલાક ૦૬:૦૦ વાગ્યાના સુમારે મોજે સીમળીયા ગામે આ કામના ફરીયાદી દૂધ લેવા માટે ગામમાં જતા હતા તે વખતે આરોપીઓએ રસ્તામાં રોકી ફરીયાદીને આરોપી નં.૪ નાઓએ કહેલ કે તુ ડીપીના ફયુજ રાજેશ કાઢી નાખે છે તેમ મારી ગામમાં વાતો કરે છે તેમ કહી મા બેન સમાણી ગાળો બોલતા ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતા તેનુ ઉપરાણુ લઈ ઉશ્કેરાઈ જઈ આરોપી નં.૧ નજીકમાંથી બાવળનો ડંડો લઈ ફરીયાદીને માથાના ભાગે એક ફટકો મારવા જતા ફરીયાદીએ બંને હાથ માથા ઉપર ધરતા જમણા હાથે પહેલી આંગળી તથા અંગુઠાની વચ્ચે વાગેલ તથા બીજો ફટકો મારતા જમણા હાથની કોણી ઉપર મારી જમીન ઉપર પાડી દઈ આરોપી નં.૨ થી ૪ નાઓએ ગડદાપાટુનો મારમારી ફરીયાદીને જમણા હાથના પંજામાં ફ્રેકચર કરી ઈજા કરી તથા સાહેદ ઈશ્વરભાઈ તથા અમરતબેનનાઓએ ગડદપાટુનો માર મારી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી, ઈ.પી.કોડની કલમ–૩૨૩, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨) તથા ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કર્યાની ફરિયાદ ફરિયાદીએ બાલાસિનોર પો.સ્ટે.માં

આપતાં સદર ફરીયાદ બાલાસિનોર પોલીસ સ્ટેશનના સેકન્ડ ગુ.ર.નં.૮૮/૨૦૧૭ થી રજીસ્ટર્ડ કરેલ અને તે કામે તપાસ કરનાર અધિકારીએ આંક-૧ મુજબનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.

(૩) આ કામનાં આરોપીઓને સમન્સની ધોરણસરની બજવણી થતાં આરોપી નં.૩ નાઓ કોર્ટમાં હાજર થતાં તેમને પોલીસ તપાસનાં તમામ પેપર્સની નકલો વીના મૂલ્યે મળી ગયાની ખાત્રી કર્યા બાદ અત્રેની કોર્ટ ધ્વારા આંક-૧૫ થી આરોપી નં.૩ પર તહોમતનામું ફરમાવી, આંક-૧૬ થી આરોપી નં.૩ ની પ્લી રેકર્ડ કરેલ જેમાં આરોપી નં.૩એ ગુનાનો ઈન્કાર કરતાં કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

અત્રે એ નોંધનીય છે કે, આ કામે આરોપી નં.૧, ૨ અને ૪ને સમન્સ કરતાં આરોપીઓ મળી આવતા ન હોવાનાં શેરા સાથે સમન્સ વગર બજે પરત ફરેલ હોય અત્રેની કોર્ટ ધ્વારા આંક-૧ લગત ક્રિ.પ્રો. કોડની કલમ-૨૯૯ અન્વયે આરોપી નં.૧, ૨ અને ૪ ની ગેરહાજરીમાં કેસ ચલાવવાનો તથા આરોપી નં.૧, ૨ અને ૪ ની ગેરહાજરીમાં પુરાવો નોંધવાનો તા.૧૭/૦૧/૨૦૨૬ ના રોજ હુકમ કરવામાં આવેલ.

(૪) આ કામમાં ફરિયાદ પક્ષ તરફથી નીચે મુજબના પુરાવા રજૂ થયેલ છે.

**<u>મૌખિક પુરાવો :-</u>**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૯ | ફરીયાદી મહેશભાઈ વિનુભાઈ ઝાલાની જુબાની |
| ૨ | ૨૧ | સાહેદ ઈશ્વરભાઈ ગમનસિંહ પરમારની જુબાની |
| ૩ | ૨૨ | સાહેદ અમરતબેન ઈશ્વરભાઈ પરમારની જુબાની |

**<u>દસ્તાવેજી પુરાવા :-</u>**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૨૦ | ફરીયાદ |

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૨ | ૨૩ | ફરીયાદી મહેશભાઈનુ એમ.એલ.સી.સર્ટીફીકેટ |
| ૩ | ૨૪ | મુદ્દામાલ કબજે કર્યાનુ પંચનામુ |
| ૪ | ૨૫ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ |

ત્યારબાદ ફરીયાદપક્ષ તર્ફે આંક–૨૬ થી કલોઝીંગ પુરશીસ રજુ થતાં ફરીયાદપક્ષનો પુરાવો પૂર્ણ થયાનુ જાહેર કરવામાં આવેલ. સદર કામે ક્રિ.પ્રો. કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપી નં.૩ નું વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો રેકર્ડ પર જણાતો ન હોઈ આરોપી નં.૩નું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ બંને પક્ષોની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) આ કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

મુદ્દા નં.૧. શું ફરિયાદપક્ષ નિ:શકપણે પુરવાર કરે છે કે, તા.૨૨/૧૨/૨૦૧૭ ના કલાક ૦૬:૦૦ વાગ્યાના સુમારે મોજે સીમળીયા ગામે આ કામના ફરીયાદી દૂધ લેવા માટે ગામમાં જતા હતા તે વખતે આરોપી ઓએ રસ્તામાં રોકી ફરીયાદીને આરોપી નં.૪ નાઓએ કહેલ કે તુ ડીપીના ફ્યુજ રાજેશ કાઢી નાખે છે તેમ મારી ગામમાં વાતો કરે છે તેમ કહી મા બેન સમાણી ગાળો બોલતા ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતા તેનુ ઉપરાણુ લઈ ઉશ્કેરાઈ જઈ આરોપી નં.૧ નજીકમાંથી બાવળનો ડંડો લઈ ફરીયાદીને માથાના ભાગે એક ફટકો મારવા જતા ફરીયાદીએ બંને હાથ માથા ઉપર ધરતા જમણા હાથે પહેલી આંગળી તથા અંગુઠાની વચ્ચે વાગેલ તથા બીજો ફટકો મારતા જમણા હાથની કોણી ઉપર મારી જમીન ઉપર પાડી દઈ આરોપી નં.૨ થી ૪ નાઓએ ગડદાપાટુનો મારમારી ફરીયાદીને જમણા હાથના પંજામાં ફ્રેકચર કરી ઈજા કરી તથા સાહેદ ઈશ્વરભાઈ તથા અમરતબેનનાઓએ ગડદપાટુનો માર મારી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી,

ઈ.પી.કોડની કલમ–૩૨૩, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨) તથા ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

મુદ્દા નં.૨ છેવટે શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓના મારાં નિર્ણય નીચે મુજબના છે.

મુદ્દા નં.૧ નકારાત્મક.

મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ.

## ::– નિર્ણય માટેના કારણો –::

**મુદ્દા નં.૧ અને ૨.**

(૭) ઉપરોક્ત મુદ્દા સબંધીત ફરીયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાનું મુલ્યાંકન કરતાં પહેલા પુરાવાના મુલ્યાંકન શબ્દની અસરકારક કાનુની છણાવટ ભારતીય પુરાવા અધીનીયમ ૧૮૭૨ ની ત્રીજી આવૃતીના પાન નં ૭૩ ઉપર ઓથર માનનીય શ્રી બી.એન.જાની દ્વારા કરવામાં આવેલ છે. જે અત્રે ટાંકવી આવશ્યક જણાતી હોર્ય જે નીચે મુજબ ટાંકેલ છે.

""પુરાવાનુ મૂલ્યાંકન"" શબ્દનો પ્રયોગ કયાંય વ્યાખ્યાબદ્ધ કરવામાં આવ્યો નથી એ માટે કોઇ પણ કાનૂન સમપ્રીત નિયમો નથી . કારણ કે પુરાવાનુ મુલ્યાંકન એક ભાવાત્મક પ્રક્રિયા છે. આ શબ્દ આ અધીનીયમ ન હોવા છતાં પણ વ્યવહારીક રીતે પ્રચલિત છે. જયારે પુરાવાના મુલ્યાંકન વિષે ચર્ચા કરવામાં આવે ત્યારે આ અધિનીયમની કલમ–૩ એટલે આ કલમનો ભાગ સમજવામાં આવે છે. કારણ કે સાબીત તથા ના સાબીત શબ્દો વ્યાખ્યાબદ્ધ કરવામાં આવ્યા છે. કોઈ હકીકતનું અસ્તીત્વ કે અનઅસ્તીત્વ સાબીત માનવુ તે મુલ્યાંકનનો ભાગ છે.

આમ, પુરાવાના મુલ્યાંકન સબંધિત કાનુની જોગવાઈ લક્ષમાં લેતાં આરોપી સામેનો આક્ષેપિત ગુનો ફરીયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા દ્વારા સાબીત થયેલ હોય તો આરોપીના ગુનાહીત કૃત્યો બદલ તેમને કસુરવાન ઠેરવી શકાય. અગર આરોપી સામેનો આક્ષેપિત ગુનો ફરીયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં

આવેલ પુરાવા દ્વારા સાબીત થયેલ ન હોય તો આરોપીને કસુરવાન ઠેરવી શકાય નહી. આમ, ફરીયાદ પક્ષના પુરાવા પરથી આક્ષેપિત ગુનો સાબીત કે નાસાબીત થયેલાની પ્રક્રીયાએ પુરાવાનુ મુલ્યાંકનનો ભાગ છે.

(૮) હાલનાં કામે ફરીયાદપક્ષ તર્ફે આ કામનાં આરોપીઓ ઉપર એવો આક્ષેપ છે કે, તા.૨૨/૧૨/૨૦૧૭ ના કલાક ૦૬:૦૦ વાગ્યાના સુમારે મોજે સીમળીયા ગામે આ કામના ફરીયાદી દૂધ લેવા માટે ગામમાં જતા હતા તે વખતે આરોપીઓએ રસ્તામાં રોકી ફરીયાદીને આરોપી નં.૪ નાઓએ કહેલ કે તુ ડીપીના ફ્યુજ રાજેશ કાઢી નાખે છે તેમ મારી ગામમાં વાતો કરે છે તેમ કહી મા બેન સમાણી ગાળો બોલતા ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતા તેનુ ઉપરાણુ લઈ ઉશ્કેરાઈ જઈ આરોપી નં.૧ નજીકમાંથી બાવળનો ડંડો લઈ ફરીયાદીને માથાના ભાગે એક ફટકો મારવા જતા ફરીયાદીએ બંને હાથ માથા ઉપર ધરતા જમણા હાથે પહેલી આંગળી તથા અંગુઠાની વચ્ચે વાગેલ તથા બીજો ફટકો મારતા જમણા હાથની કોણી ઉપર મારી જમીન ઉપર પાડી દઈ આરોપી નં.૨ થી ૪ નાઓએ ગડદાપાટુનો મારમારી ફરીયાદીને જમણા હાથના પંજામાં ફ્રેકચર કરી ઈજા કરી તથા સાહેદ ઈશ્વરભાઈ તથા અમરતબેનનાઓએ ગડદપાટુનો માર મારી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી, ઈ.પી.કોડની કલમ–૩૨૩, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨) તથા ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે. જે હકીકત ફરીયાદપક્ષે પુરાવાથી નિ:શંકપણે પુરવાર કરવી જોઈએ.

(૯) ફરિયાદપક્ષે પોતાના કેસની હકીકતનાં સમર્થનમાં સૌપ્રથમ આંક–૧૯ થી આ કામનાં ઈજા પામનાર ફરીયાદી મહેશભાઈ વિનુભાઈ ઝાલા નાઓને તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે તેમનુ મુળ વતન સુંદરપુર, તા.ઉમરેઠ છે. સીમળીયા, તા.બાલાસિનોર તેમના મામાનું ઘર થાય છે. તેઓ તથા તેમના ભાઈ રઘુવીરસિંહ છેલ્લા વીસેક વર્ષ ઉપરાંતથી સીમળીયા તેમના મામાના ઘરે રહે છે. ઈશ્વરભાઈ ગમભાઈ પરમાર

તેમના મામાનો દિકરો તથા અમરતબેન ઈશ્વરભાઈની પત્ની થાય છે. ફરીયાદવાળો બનાવ આશરે આઠેક વર્ષ અગાઉ સીમળીયા ગામે સવારે છ એક વાગ્યે બનેલો. બનાવના રોજ તેઓ દુધ લેવા માટે જતા હતા તે વખતે સીમળીયા ગામના રાકેશભાઈ ભેમાભાઈ પરમાર, ભેમાભાઈ ગમીરભાઈ પરમાર, હીરાભાઈ ગમીરભાઈ પરમાર તથા રાજેશભાઈ સાલમભાઈ પરમારનાઓ સાથે તેઓને લાઈટ જવા બાબતે બોલાચાલી થયેલી અને ધકકામુકકીમાં પડી જવાથી તેઓને તેમના માથામા તથા હાથના પંજા ઉપર ઈજા થયેલી. તેઓને માથામાં તથા હાથે વાગેલ હોય બાલાસિનોર સરકારી દવાખાનામાં સારવાર માટે ગયેલા જયાં ડોકટરે તેઓને હાથના પંજામાં ફ્રેકચર હોવાનું જણાવેલુ. બનાવમાં ઈશ્વરભાઈ તથા અમરતબેનને સામાન્ય ઈજા થયેલ હોય આ લોકોને કોઈ સારવાર કરાવેલી નહી તેઓ સહી કરે છે પરંતુ બનાવ સમયે હાથમાં ઈજા થયેલ હોય તેઓએ ફરીયાદમાં અંગુઠાનુ નિશાન કરેલ. બનાવ સબંધે તેઓએ આરોપીઓ સામે બાલાસિનોર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી. તેઓને ફરીયાદ બતાવવામા આવતા તેમાં તેમના અંગુઠાનુ નીશાન જોયેથી ઓળખી બતાવતા હોય ફરીયાદને રજુ દાખલ આંક–૨૦ આપવામા આવેલ છે. આરોપીઓને જોયે ઓળખી શકે આરોપી નં.૩ આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે તે જ છે. આરોપી નં.૧, ૨, ૪ વિરુધ્ધ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૯૯ મુજબ હુકમ થયેલ હોય ઓળખ અંગેની તકરાર જતી કરેલ છે. આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય આરોપીઓએ તેઓને કોઈ લાકડી વડે માર મારેલ હોય કે ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી. આ ફરીયાદી તેમની પોલીસ રૂબરૂની ફરીયાદને સમર્થન કરતાં ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસની પરવાનગી આપવામાં આવેલ જેમાં પણ આ ફરીયાદી તેમની પોલીસ રૂબરૂની ફરીયાદને લેશ માત્ર સમર્થનકારી પુરાવો આપતાં નથી.

આ ફરીયાદી તેમની બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે,આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય કંઈ બનેલુ નહી. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે,આરોપીઓ સાથે તેઓને સમાધાન થઈ ગયેલ છે. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, આરોપીઓએ તેઓને કોઈ માર મારેલ નથી કે ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ નથી. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, બનાવ સમયે ચોમાસાની સીજન હોય અવાર નવાર લાઈટ જતુ હતુ તે બાબતે તેઓને આ બોલાચાલી થયેલી. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, સીમળીયા મુકામે તેઓને તેમનુ રોજીદુ કામકાજ કરે છે તેઓને શાંતીમય જીવન જીવુ છે. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, ફરીયાદ લખાવવા ગયા ત્યાં માત્ર તેઓએ ફરીયાદમાં સહી કરેલી. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, ફરીયાદની હકીકત તેઓએ પોલીસને લખાવેલ નહી. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, ડોકટરને તેઓએ કોઈ હીસ્ટ્રી લખાવેલ નથી. આમ, આ ફરીયાદી કે જેઓ પોતે બનાવમાં ઈજા પામનાર ફરીયાદી છે તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં આ કામનાં આરોપીઓને તેમની સામેનાં આક્ષેપીત ગુનામાં સાંકળી શકાય તેવો પુરાવો રેકર્ડ પર રજુ કરેલ ન હોય આ ફરીયાદીની જુબાનીથી પણ આ કામનાં આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી તેવું અત્રેની અદાતલનું નમ્ર પણે માનવું થાય છે.

(૧૦) ત્યારબાદ આ કામે આંક−૨૧ થી સાહેદ ઈશ્વરભાઈ ગમનસિંહ પરમાર નાઓને તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે ફરીયાદી મહેશભાઈ તેમના ફોઈના દિકરા થાય છે મહેશભાઈ છેલ્લા વીસેક વર્ષ ઉપરાંતથી તેમના ઘરે રહે છે. ફરીયાદવાળો બનાવ આશરે આઠેક વર્ષ અગાઉ સીમળીયા ગામે સવારે છ એક વાગ્યે બનેલો. બનાવના રોજ મહેશભાઈ દુધ લેવા માટે જતા હતા તે વખતે તેમના ગામના રાકેશભાઈ ભેમાભાઈ પરમાર,

ભેમાભાઈ ગમીરભાઈ પરમાર, હીરાભાઈ ગમીરભાઈ પરમાર તથા રાજેશભાઈ સાલમભાઈ પરમારનાઓ સાથે મહેશભાઈને લાઈટ જવા બાબતે બોલાચાલી થયેલી અને ધક્કામુક્કીમાં પડી જવાથી મહેશભાઈને માથામાં તથા હાથના પંજા ઉપર ઈજા થયેલી. તેઓ બનાવ સમયે ત્યાં ગયેલા. મહેશભાઈને માથામાં તથા હાથે વાગેલ હોય બાલાસિનોર સરકારી દવાખાનામાં સારવાર માટે ગયેલા જયા ડોકટરે હાથના પંજામાં ફ્રેકચર હોવાનું જણાવેલુ. બનાવમા તેઓને તથા તેમના પત્નીને સામાન્ય ઈજા થયેલ હોય તેઓએ કોઈ સારવાર કરાવેલી નહી. બનાવ સબંધે પોલીસે તેમનો જવાબ લીધેલો. આરોપીઓને જોયે ઓળખી શકે આરોપી નં.૩ આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે તે જ છે. આરોપી નં.૧, ૨, ૪ વિરુધ્ધ ક્રિ.પ્રો.કોડની કલમ−૨૯૯ મુજબ હુકમ થયેલ હોય ઓળખ અંગેની તકરાર જતી કરેલ છે. આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય આરોપીઓએ તેઓને કોઈ લાકડી વડે માર મારેલ હોય કે ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી. આ સાહેદ ફરીયાદપક્ષનાં કેસની હકીકતોને સમર્થનકારી પુરાવો આપતાં ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને ત્યારબાદની ઉલટતપાસમાં પણ આ સાહેદ ફરીયાદપક્ષનાં કેસને સમર્થનકારી લેશમાત્ર પુરાવો આપતાં નથી.

આ સાહેદની બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસ જોઈએ તો તેમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરે છે કે આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય કંઈ બનેલુ નહી. વધુમા એ હકીકત કબુલ રાખેલ છે કે, આરોપીઓ સાથે તેઓને સમાધાન થઈ ગયેલ છે. વધુમા એ હકીકત કબુલ રાખેલ છે કે, આરોપીઓએ તેઓને કોઈ માર મારેલ નથી કે ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ નથી. વધુમા એ હકીકત કબુલ રાખેલ છે કે, બનાવ સમયે ચોમાસાની સીજન હોય અવાર નવાર લાઈટ જતુ હતુ

તે બાબતે તેઓને બોલાચાલી થયેલી.આમ, આ સાહેદ તેમની સોગંદ પરની જુબાનીમાં આ કામનાં આરોપીઓને તેમની સામેનાં આક્ષેપીત ગુનામાં સાંકળી શકાય તેવો પુરાવો રેકર્ડ પર રજુ કરેલ ન હોય આ સાહેદની જુબાનીથી પણ આ કામનાં આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી તેવું અત્રેની અદાતલનું નમ્ર પણે માનવું થાય છે.

(૧૧) ત્યારબાદ આ કામે આંક-૨૨ થી સાહેદ અમરતબેન ઈશ્વરભાઈ પરમાર નાઓને તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે ફરીયાદી મહેશભાઈ તેમના ફોઈજીનો દિકરો થાય છે. મહેશભાઈ છેલ્લા વીસેક વર્ષ ઉપરાંતથી તેમના ઘરે રહે છે. ફરીયાદવાળો બનાવ આશરે આઠેક વર્ષ અગાઉ સીમળીયા ગામે સવારે છ એક વાગ્યે બનેલો. બનાવના રોજ મહેશભાઈ દુધ લેવા માટે જતા હતા તે વખતે તેમના ગામના રાકેશભાઈ ભેમાભાઈ પરમાર, ભેમાભાઈ ગમીરભાઈ પરમાર, હીરાભાઈ ગમીરભાઈ પરમાર તથા રાજેશભાઈ સાલમભાઈ પરમારનાઓ સાથે મહેશભાઈને લાઈટ જવા બાબતે બોલાચાલી થયેલી અને ધકકામુકકીમાં પડી જવાથી મહેશભાઈને માથામાં તથા હાથના પંજા ઉપર ઈજા થયેલી. તેઓ બનાવ સમયે ત્યાં ગયેલા. મહેશભાઈને માથામાં તથા હાથે વાગેલ હોય બાલાસિનોર સરકારી દવાખાનામાં સારવાર માટે ગયેલા જયા ડોકટરે હાથના પંજામાં ફ્રેકચર હોવાનું જણાવેલુ. બનાવમા તેમના પતિ તથા તેઓને સામાન્ય ઈજા થયેલ હોય તેઓએ કોઈ સારવાર કરાવેલી નહી. બનાવ સબંધે પોલીસે તેમનો જવાબ લીધેલો. આરોપીઓને જોયે ઓળખી શકે આરોપી નં.૩ આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે તે જ છે. આરોપી નં.૧, ૨, ૪ વિરુધ્ધ ક્રિ .પ્રો.કોડની કલમ-૨૯૯ મુજબ હુકમ થયેલ હોય ઓળખ અંગેની તકરાર જતી કરેલ છે. આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય આરોપીઓએ તેઓને કોઈ લાકડી વડે માર મારેલ હોય કે ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી. આ સાહેદ ફરીયાદપક્ષનાં

કેસની હકીકતોને સમર્થનકારી પુરાવો આપતાં ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને ત્યારબાદની ઉલટતપાસમાં પણ આ સાહેદ ફરીયાદપક્ષનાં કેસને સમર્થનકારી લેશમાત્ર પુરાવો આપતાં નથી.

આ સાહેદની બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસ જોઈએ તો તેમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરે છે કે આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય કંઈ બનેલુ નહી. વધુમા એ હકીકત કબુલ રાખેલ છે કે, આરોપીઓ સાથે તેઓને સમાધાન થઈ ગયેલ છે. વધુમા એ હકીકત કબુલ રાખેલ છે કે, આરોપીઓએ તેઓને કોઈ માર મારેલ નથી કે ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ નથી. વધુમા એ હકીકત કબુલ રાખેલ છે કે, બનાવ સમયે ચોમાસાની સીજન હોય અવાર નવાર લાઈટ જતુ હતુ તે બાબતે તેઓને બોલાચાલી થયેલી. આમ, આ સાહેદ તેમની સોગંદ પરની જુબાનીમાં આ કામનાં આરોપીઓને તેમની સામેનાં આક્ષેપીત ગુનામાં સાંકળી શકાય તેવો પુરાવો રેકર્ડ પર રજુ કરેલ ન હોય આ સાહેદની જુબાનીથી પણ આ કામનાં આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી તેવું અત્રેની અદાતલનું નમ્ર પણે માનવું થાય છે.

(૧૨) વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે ''કૈલાસ ગોર વિરૂધ્ધ સ્ટેટ ઓફ આસામ'' જે એ.આઈ.આર. ૨૦૧૨, એસ.સી. પાન નંબર–૭૮૬ ના ચુકાદામાં પ્રતિપાદીત કરેલ સિધ્ધાંતો જોતાં તેના પેરા–૨૮માં એમ ઠરાવેલ છે કે,

> “It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. It is equally well settled that suspicion howsoever strong can never take the place of proof. There is indeed a long distance between accused 'may have committed the offence' and 'must have committed the offence' which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognised as a

> human right which cannot be wished away. See Narendra Singh and Anr. v. State of M.P. (2004) 10 SCC 699 : (AIR 2004 SC 3249) and Ranjitsingh Brahmajeetsingh Sharma v. State of Maharashtra and Ors. (2005) 5 SCC 294 : (AIR 2005 SC 2277). To the same effect is the decision of this Court in Ganesan v. Rama Raghuraman and Ors. (2011) 2 SCC 83 : (AIR 2011 SC (Cri) 419) where this Court observed: "Every accused is presumed to be innocent unless his guilt is proved. The Presumption of innocence is human right. Subject to the statutory exceptions, the said principle forms the basis of criminal jurisprudence in India."

વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે ''દિગમ્બર વૈષ્ણવ વિરૂઘ્ધ સ્ટેટ ઓફ છત્તીસગઢ'' નો ચુકાદો કે જે (૨૦૧૯)(૪) (એસ.સી.સી.– પેજ નં.૫૨૨) માં પ્રસિઘ્ધ થયેલ છે જેનાં પેરા–૧૫ તથા ૧૯ માં ઠરાવેલ છે કે....

> 15. One of the fundamental principles of criminal jurisprudence is undeniably that the burden of proof squarely rests on the prosecution and that the general burden never shifts. There can be no conviction on the basis of surmises and conjectures or suspicion howsoever grave it may be. Strong suspicion, strong coincidences and grave doubt cannot take the place of legal proof. The onus of the prosecution cannot be discharged by referring to very strong suspicion and existence of highly suspicious factors to inculpate the accused nor falsity of defence could take the place of proof which the prosecution has to establish in order to succeed, though a false plea by the defence at best, be considered as an additional circumstance, if other circumstances unfailingly point to the guilt.
>
> 19. It is also well-settled principle that in criminal cases, if two views are possible on evidence adduced in the case, one binding to the guilt of the accused and the other is to his innocence, the view which is favourable to the accused, should be adopted. This principle has a special relevance in cases wherein the guilt of the accused is sought to be established by circumstantial evidence [See Kali Ram v. State of Himachal Pradesh, (1973) 2 SCC 808].

(૧૩) ઉપરોકત તમામ હકીકતે પડેલ પુરાવાને ઘ્યાને લેતાં સદર કામે હાલના આરોપીઓએ ફરીયાદીને ગાળો બોલેલ હોય તેમજ જાનથી મારી નાખવાની ધમકી

આપેલ હોય કે જેના કારણે ફરીયાદી ડરીને બહાર નીકળી શકતા ન હોય તથા બનાવ સમયે આરોપીઓએ ફરીયાદીને સ્વેચ્છાપુર્વક મહાવ્યથા કરેલ હોય તેવી કોઈ હકીકત ફરીયાદપક્ષે તપાસેલા ફરીયાદી તથા સાહેદોની જુબાની પરથી તથા રજુ થયેલ પુરાવાથી પુરવાર થતી નથી અને તે સંજોગોમાં સદર કામે આક્ષેપાયેલ ગુન્હાના આવશ્યક તત્વો પુરવાર થતા ન હોય હાલના આરોપીઓને સદરહું ગુના અંગે દોષિત ઠરાવી શકાય નહી. વધુમાં, ફરીયાદપક્ષે આ કામે આંક–૨૩ થી સારવાર સર્ટીફીકેટને તથા આંક–૨૪ થી મુદ્દામાલ કબજે કર્યાના પંચનામાને તથા આંક–૨૫ થી ગુનાવાળી જગ્યાના પંચનામાને આરોપી પક્ષ તર્ફે આંક આપવા સામે વાંધો ન હોવાનો શેરો કરેલ હોઈ એડમીટ કરવામાં આવેલ છે જે ધ્યાને લેતાં તેનાથી ફરીયાદીને ઈજા થયેલ હોવાનું માની શકાય પરંતુ આ ઈજા આ કામનાં આરોપીઓએ કરેલ હોય તેવું નિ:શંકપણે પુરવાર કરતો આ પુરાવો ગણાવી શકાય નહી. ત્યારબાદ આંક–૨૬ થી ફરીયાદપક્ષે કલોઝીંગ પુરસીસ રજુ કરેલ જે સદર કામે સ્વીકારી કાર્યવાહી બંધ કરવામાં આવેલ અને પડેલ પુરાવા પરથી જ આ કામનો ન્યાયિક નિર્ણય કરવામાં આવશે તો ન્યાયનો હેતુ સરશે તેવુ અત્રેની કોર્ટનું નમ્રપણે માનવું છે, તથા રેકર્ડ પરનો પુરાવો જોતા ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી તેવા તારણ ઉપર આ અદાલત આવે છે, જેથી મુદ્દા નં.૧ પરત્વેનો નિર્ણય નકારાત્મકમાં આપવામાં આવે છે અને આ અદાલતે કરેલ ઉપરોકત ચર્ચા અન્વયે આપેલ કારણો અને આવેલ તારણોને આધારે મુદ્દા નં.૨ પરત્વેનો નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

## **<u>–:: આખરી હુકમ ::–</u>**

- આ કામનાં આરોપી નં. ૧. રાકેશભાઈ ભેમાભાઈ પરમાર, નં. ૨. ભેમાભાઈ ગમીરભાઈ પરમાર, નં. ૩. હીરાભાઈ ગમીરભાઈ પરમાર, નં. ૪. રાજેશભાઈ સાલમભાઈ પરમાર, તમામ રહે. સીમળીયા,

તા.બાલાસિનોર, જી.મહીસાગરનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહીતાની કલમ–૩૨૩, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨) તથા ૧૧૪ મુજબના ગુનામાંથી પુરાવાનાં અભાવે નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

- મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યેથી નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.
- ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ અપીલ સમયે અપીલ અદાલતમાં હાજર રહેવાની બાંહેધરી પેટેના સધ્ધર જાત જામીન તેમજ મુચરકા આરોપી નં.૩ નાએ રજુ કરવા.
- આરોપી નં.૧, ૨ અને ૪ ની સામે ક્રિ.પ્રો.કોડની કલમ–૨૯૯ મુજબનો હુકમ થયેલ હોય તેઓ સામે ક્રિ.પ્રો.કોડની કલમ–૩૦૦ મુજબ સરકારશ્રી ધ્વારા ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરી શકશે. ઉપરોકત હકીકતે ક્રિ.પ્રો.કોડની કલમ–૩૫૩(૬) મુજબ આરોપી નં.૧, ૨ અને ૪ ની ગેરહાજરીમાં મચકુર કામનો ચુકાદો જાહેર કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી મારી સહીથી જાહેર કર્યો.

**(બકુલકુમાર નટવરલાલ દવે)**
**એડી. ચીફ જયુડી. મેજી.,**
**બાલાસિનોર–મહીસાગર,**
**જજ કોડ–જી.જે.૦૧૨૭૨**

**તા.૧૫–૦૪–૨૦૨૬**
**સ્થળ–બાલાસિનોર.**

//સ્ટેનોગ્રાફર–ડી.એન.પંડયા//